॥ ૐ ॥ ૨૨/૧૧/૨૦૦૭

ગયો ઓગળી અંધકારો,
મરી ગયો સુખ દુઃખ હુંકારો.
એક જ વ્યાપ્યો એ આકારો,
ના કો કલરવ કે કેકારો.
આગે પાછે કોઈ નહિ રહ્યા,
કોનો મે, કોનો ભેકારો!
વક્તા શ્રોતા મૌન થયા રહ્યા,
હરે નમઃ નહિ હે-હેંકારો.
કીધું કારજ્ય કશું નહીં તો,
એમ જ વ્યાપ્યો જેજેકારો!

[illegible]

આત્માનુભૂતિના ઉત્તુંગેથી
કદી નીચે ના ઊતરું,
સર્વમાં મુજને,
મારામાં સર્વને નિરંતર નિહાળું.

સકળ પદારથ જગના
જગમાં જ વિસારું,
આત્માનુભવની ફોરમ
સહજતાથી પ્રસારું.

જીવન સર્વનું સતત
ઉલ્લાસમય હો,
ભાવિને સર્વનું સદા
કલ્યાણ હો.
માધુર્ય જીવનનું
પળપળ પમરાટ હો,
સંગીત જીવનનું
હર કદમ સુસંવાદ હો.

ભાવાંજલિ સર્વને
સદા મંગલ પ્રાપ્ત હો...

16.11.2007

સુસ્વાદ માણું હું
આ જીંદગીનો,
સસ્મિત ઉજાળું
હું પળેપળનો.

હિસાબ ચૂકવું હું
પ્રત્યેક લેતીનો
જોઈને જાઉં રાજી
હું પ્રત્યેક ઘડીનો.

ના રાવ ખાઉં
કદી કશાની,
ના ભાવ લઉં
કદા કૈનીની.

ના ભીતિ રહે
કદી સમારિત
જીવું છું રહીને
સદા સમરિત...

16.11.2007

લહેરે જીંદગી
ખુશી કદમ ચુમતી,
ઝૂમતી જીંદગી
હસી આચાર ચાખતી...

ના પ્રાપ્તિ ના ખોતી
હિસાબ કર ઘડી
ખુશી રાગે કે પછી
ડાઘે જવાબદાર હર ઘડી

આમા જરકશી
કે કરામતી કફની,
ના ફરકે લગારે
શોહમા ના કદી

મુક્તતાની આલબેલ
શણગારતી આ જીંદગી
અવાંતરની ભવ્યતા
ઝળકાવતી આ જીંદગી...

16·11·2007

તનુજએ શબ્દરત્નો ઝીલ્યા
ને લો બની એક કવિતા.
ઉપકાર તારો હે શક્તિ,
અવતરી ગઝલ ફૂલડાં આ ગૂંથે.
સમૃદ્ધ સંસ્કાર તણા ઉતારી.
હર લોકમાં તને પ્રણામું.
દિવ્ય દાદી, ધન્યભાગ્ય અમારા
જગમાતા તું પુત્રી બની.
અસ્તિત્વ તારું કારુણ્યમયી,
સર્જે સ્નેહ સંચારતી.
આનંદ-કિલ્લોલ સભર તારા,
મુગ્ધ જગને અપાર ફેલાતી.
અમરત્વ સંયોગમાત્ર
અપરંપાર સ્નેહ પ્રસારતી.
મુક્ત હાસ્ય, ચપલ-ચાંચલ્ય
નિર્દોષતા શણગારતી
આભાર દિલ આ અવતરણોનો
કૃપા ખૂબ કરી.

18-11-07

ફરી મળશું પ્રેમથી,
કહી કો' ઓરાકે,
હેતથી હસશું પાડી
તાળી ને ટેકારે,
જામશે મિજલસ ખુશીનાં
રુદન ને પોકારે,
ભક્તિના લહેર ના છોળોથી.
હૈયાને વધાવે.

આ પર્વદિજાર છે આનંદનો
આ અવસર અપૂર્વ ~~અમં~~ઉલ્લાસનો
વિષાદ વસમા વિસારી હુંકારનો
મીઠું ભાવથી પ્રસારી સોમકારો.

૧૮-૧૧-૦૭

ભારતમાં ભભૂકે પ્રચંડ અભીપ્સા
લઈ જીવનકાર્યો નર સમોવડા,
મનકાનનમાં દમકે કો અભિલાષા
પ્રસારું પ્રસાદ, દિવ્યસ્નાન બેલડીસા

ચહુંના પગલાં ભરું કદિ પારોકતી
બિછાવું પ્રચંડ દૃષ્ટિ નજરો મુજ પ્રજળે
વિસારું ચંડ ગર્વ ચડગોથ ભરાભરે
પુંજ સ્નાનટકો ગીત ઘડો ઝગાઝગે
શંતરમમ આરસ, સ્વરછ લગાલગે
મંતર મન માંડું પ્રરણમ ઘડો ગુંજે
ભારત ઓમકાર બિંદુ નીપ સ્પંદે.

૧૮-૧૧.૦૧

(૭)

કિંમતે મહીં તો ખુદા એ કીદા
ખિદમતગાર છું સઘળાએ સદા
રોશન કર તુજ જીંદગી, ઓગાળજો આપદા
નિમિત્ત છુ સર્વ માં, આચારું છું સદા

નાલાયક ને બક્ષી લાયકાત
ગાફેલ છું તમારો
અજ્ઞાની ને ગંગા માં નવડાવજો
તું ડુબાડો
ભિખારી ને ભાન માં પ્રજાળજો
છું તમારો,
ખુદ્દારી ને શાન માં સ્થાપજો
ઓમકારો.

૧૯-૧૧-૦૭

૪

સર્જન, વિસર્જન નિરંજન નિરંતર.
ગુમાન ભુલાવ ઉતારો
મુજ અંતરમાં,
સ્વમાન જગાવ ઉગારો
ઇડુ ભવાંતરમાં,

૨૮-૧૨-૦૧.

ઉફ઼ ભી ના નિકલે મુંહ સે હમારે
સાફ઼ કહેદો હમ હમેશાં તુમ્હારે
જુદાઈ કી આગ, તુમ હમારા બિસારે
ફિરભી ફૂલોંકી સુવાસિત પમરાટ પસારે.

બેશુમાર પણ ખુદા ના રહેમત
દૈવાન ગાયા ઉંચા ઉડાવત,

માન, અકરામ, બહુમાન સબ તેરા.
શબ્દો કરે તો નિગેહબાન અલ્લા.

૧૮-૧૧-૦૧

તુ સમજ - તારા માટે.
ઈશ્વર થા આવ્યો છે તને એવું કેમ દેખાય છે.
તું શીવ છું તારું દેહ-મન ગંદી છે.

ઉત્થાન કરો હે સ્વામીરાજ
હે કરો જાગરણ,
ગ્રંથિઓ સર્વે ભેદાય ને
માં કુંડલીનો સંચલન
રોમરોમ પુલકિત થયો ને
હૈયામાં ઉલ્લાસ પારાવાર
ડંકા બજ્યાં જયઘોષનાં
ભરી સચરાચર માં જાણ.
આત્મવત સર્વભુતેષુ
સર્વભૂતાય નમો નમઃ
પાત્યા દાણા દાડી
સર્વત્ર વ્યાપ ભગવાન
નાદબ્રહ્મ સાગર પૂરે
પરબ્રહ્મ છે સાક્ષાત
કેવળ એજ બધું એનું,
એનામાં ઓગાળે જાણ.
આવા પડ્યું. આદ્યું સર્વે
સમાયું એનામાં કે રામ
ધર્મ સર્વે પ્રકાશ પ્રેરીત
મૂળતત્વ નું જાણ.

ભેદભાવ વ્યવહાર મનમાંજ
મૂળતત્વ આફ્રિકી સમાજ.

તું તેજ તત્ત્વરૂપ છો,
જે આપણો બાપ.
પંચતત્ત્વનો માતા-પિતા
પરમ ચૈતન્ય નામ.
પરા પરમને પ્રસવે,
સોઽહમ્ ભણવે આમ.
ધ્યાને ચઢી, સ્પંદે અડી,
પ્રસરે તે આમ
દેહમંદિરનાં દેવળમાં
પ્રગટ પરમાત્મા મમ.
મનોભેદે વિચ્છિન્ન, તું
મૂળ માં એકાકાર.
સરનામું તેનું સાર્વત્રિક,
બિંદુ બુંદમાં સાગર.
પામવું તેહને આધારિત,
કેવળ એક જે હુકાર.

19-11-07

પરાબીજના એક નકલ,
પંચમબ્રહ્મ છે ભજન.

~~પરાનાદ~~

વિસાન લખ્યું અડગ સુદા જ,
નાશે વિકાર રગ-રગ,
પરાનાદનો ધાધાલ ચા,
પરબ્રહ્મ માટે જણાય.
પરબ્રહ્માય નમ: જાપ કરી,
ભીતર કર્મ જલાય.
પિંડા-શરીરા બુદ્ધ આયલો,
સાધના આમ જ થાય,
બેડાય મસ્તકે બેડી.
મંતર એજ ઓચરાય.
બેસું સાધનામાં હવે
સંસ્કારો સર્વ કડાય.
મૂલાધારે વા જગનમાતા.
ભાવ ધર ઉપર ચડાય.
સહજ આસન રૂડું ધારું,
નાસિકાગ્ર પર ધ્યાન.

મન-વિચાર જુદા કરે,
પરબ્રહ્મ સર્વ સંભાળે.
નાભિબિંદુ શોધારે.
પરબ્રહ્માય નમ: નામ,
નાસિકાગ્ર ચક્ર વર્ગ બગ?
સહસ્ત્રાર માં જાય.

૨૯-૧૧-૨૦૦૭

ઇન્દ્રીયોનાં ગુલતાનમાં,
સુલેમાન બૂરો ફસાયો.
ખિદમતગાર સુલેમાન સ્વમાનમાં
વિવેકસાંકુ ગણાયો.
ચૈતન્યનાં દિદારથી
સુલેમાન ડાહ્યો ગણાયો.
ભાવથી પ્રેમથી, સુલેમાન
સવાયો કેવાયો ભળાયો,
સુલેમાન બહુ ભલો,
ભલા કિંમતિ વિવેક.
ક્યાંય પણ ઉફ નહી,
રાખ્યા અલ્લાના નેક,
ખુદાતાલા ના રહેમત પર
એને અતૂટ વિવેક
બંદા પરવર સાહારએ.
જુએ સંસાર નેક,
દીયટ ફરે, ભાવ ફરે.
રહે અચલ જેમ સચેત.
જીવન સળંગ એક બંદગી.
દુઆ કબુલ જ છેક

૨૮-૧૧-૨૦૦૭

ઇન્દ્રિયો નો જાણનાર,
ઇન્દ્રજન ન ગણાય.
જગતજને જ્યારે તે
જગતજન તોજ ગણાય.
જેમનું તેમ પારખ્યા,
જેમનું તેમ જ સમાય.
દીઠું બધું જ મિથ્યા માનીને
મન કેવળ ધ્યાન લગાવ.
હોય સર્વ ઇન્દ્રિયો તણા
અનાવશ્યક અલંકાર,
સાધના સુંદર બધે
ભડભડ બળતાં જાય.
નિષ્ઠાવાન સાધક ને,
સદાય આગળ મોત.
મોત જ મુકામે મોકલે.
પરબ્રહ્મ ગૂઢ બાંધલ
સાયુજ્યતા પામે તો,
વિલય પ્રલય સમાન.
પરબ્રહ્મ સોંસરો નીસરે
તે બ્રહ્માંડ પાર જ થાય

૨૬-૧૧-૨૦૦૭

ઈશ્વર બધું તું ઈશ્વર છો,
રૂડું રૂપ સુક્ષ્મ આપ.
દુઃખ દુન્યવી પરહરિ
ઈશ્વરદેહી જ બનાય.
નિરંતર સૌંદર્ય નીર સમાય ત્યારે
સૌંદર્ય સાગર બનાય.
પરબ્રહ્મ ને સર્વ સોંપતાં જ
દુર્લભ ગતિ માં જાય
પરમપિતા પરબ્રહ્મ તણો,
રાખતાં રતિભર વિશ્વાસ.
સંસારમાં કે ક્યાંય પણ
નહિ નાં આબરૂ જાય.
સાધક તું પરબ્રહ્મ નો,
છોડ ઠોકર ને જગ.
માન, શાન, સ્થાન તારું સાચવે
દેવ-આદિદેવ પણ માન.

૧૯-૧૧-૨૦૦૧

સંકલ્પે શિવત્વનાં જન્મ્યો
તું ઇન્દ્ર લોકમાં
કર્મ-કર્તા ભાવ નિર્જરી
તું વિહર મર્ત્યલોકમાં.
શોભાંજને હરિત કેરવા.
સહજાત્મ સ્વરૂપ માંય
અવાંતર ભેદી સહજ ભાવધાર
આત્મરૂપમાં નાહ્ય.
સાતં સ્નાનં સમર્પયામિ,
શુદ્ધરૂપમાં આય.
કર્મ કદિ સ્પર્શે નાહિ,
નાહિંમત ન થાય.
તદરૂપ નિરંતર દિગંતરમાં
જે વિચરાય
કેવલ સાધક અકૈવલ માં
સંકલ્પે જ સમાય
શુદ્ધ સંકલ્પ એક જ છે.
મૂળમંત્ર કહાય.

( ૨૧-૧૧-૨૦૦૯

સંકલ્પના જે શિવજી,
પરબ્રહ્મ માં સમાય.
અજ્ઞાન સઘળું એનું થતું,
પરબ્રહ્મ માં જમા થાય.

પરબ્રહ્મ ઉઘાડ કરી,
સર્વ લોકમાં પથરાય.
સંસાર સર્વ શિવ જાણી,
પરબ્રહ્મ જોવાય.

શિવ તું છે પરબ્રહ્મને
પરબ્રહ્મ થી અજાણ
પરમબ્રહ્મ એજ પરમબ્રહ્મ
વિજ્ઞાન સઘળું ત્યાંજ.

૧૮-૧૧-૨૦૦૭

જીવન શું છે કે વ્યક્તિની પ્રાપ્તિનો ઝળકો
સંસાર સોંસરો નીસરી ગયાનો ડળકો
શુદ્ધ એ યા કોમળ ગાભિત જ્ઞાન નો ઝળકો
સર્વ આયામો આંગળી ચુકયાનો અતિશુદ્ધ
ભડકો.

ભાન - અભાન - સાભાન સભાન
તીવ્ર શુદ્ધ સમજ્યો
જ્ઞાન - અજ્ઞાન - વિજ્ઞાન બહુમાન
સત્ય શીખ જનમ્યો.

પખાળી પ્રેમગંગાને
જ્ઞાન આશમની ગળથુથી
જનમજુરી, જનમઘૂંટી,
સર્વ જ્ઞાન ગરકી ગયો.

ઓંકાર અનામ ગુંજે,
વિજ્ઞાનઘન આતમા ભયો.
ભેરુ બની ભવ ભાવન
ભમે બ્રહ્માંડ સુરતામાં.

૧૦-૧૧-૦૭

કારણમહત્વે કાર્ય કારણ શું બના સંભવે
જ્ઞાન ક્રિયાએ કરીને કારણ ખુદ નિર્જરે.

કારણ જતાં કાર્ય કારણ શું કરે
ક્રિયા સર્વે કારણ સ્થિતે
કારણ વિલયે ક્રિયા ક્યાંથી કરે

ક્રિયાધાર કારણનું મૂળ
જ્ઞાન ક્રિયા નિકાલે શૂળ

વેદના શમે જેમ જીવ ઠરે
કર્મ શમે આતમા જગે.

ગ્રહશાંતિ ધર્માન્તર કરે
કર્મશાંતિ આતમશાંતિ લહે.

જ્ઞાનક્રિયા થકીજ કર્મશાંતિ
બાકીની સર્વ સાધના ભ્રાંતિ.

20-11-07

ખુદનું સરનામું વિસરી
ભગવાન તું ભૂલો પડ્યો.
ખુદાઈ થી નિસરી ને તું
સંસાર માં છૂટો પડ્યો.

ખુદની રચના સંસાર સાથે
સંસારમાં ખોવાઈ ગયો.
ખુદાની રહેમત ઉતરે
સારસો સંસારે ભયો.

શાળાંતરે મેરુ ઉતરે
સમજદારી સમજી ગયો.

ભવાંતર ના ભાર વિસરી
શબ્દબ્રહ્મ પામી ગયો.
ભક્તિ પારખી સાન ગુણી
પરબ્રહ્મ બની ગયો.

20-11-09

મન ચૈતન્ય શીશામાં
ભેદ બધું જ ડામાડોળ
મૂળ ચેતન અચલ દ્રષ્ટિમાં
સર્વ કાંઈ એક જ હોય.

વિશ્વાસ ના શ્વાસ શ્વસવે ત્યારે
રહેના ક્યારેય કોનો ભો.

રાખ શ્વાસ પર વિશ્વાસ
એજ ભાવે સઘળું મનભાવન.

ભલે અખૂટ અનંત અમાપ
ભલે ભાખે જોષ જોષીઓ
ભાર બ્રહ્માંડ વહી ગયો.

વિશ્વાસ નો શ્વાસ ઝગમગે
સર્વ ભીતિ ભેદાઈ જાય
ભલે દિગ્ગજો ધૂળ ચાટે
ચપટી ધૂળ પણ ફવારા બાંધે.

ફાકડી ફિકર ની ફાકી
જવામર્દ ઝઝૂમે ઘણો
રખોપા રામનાં ત્યારે
તું બ્રહ્માંડ તરી ગયો.

૨૦-૧૧-૦૯

પેબીબી પરમ જનની
ઐબાબી બી સરપરા
ધવલકિર્તિ સુત તણાં
ધવલકુમો ધારિણી
ધવલ નામે ધવલ
શુદ્ધ ધ્યાન સમાહિતા.

ધવલકિર્તિ મહાયોગીબી સહોદરા
મહાયોગીની નામ મધ્યે
પંચમબ્રહ્મ સ્થિતે
પંચમબ્રહ્મ હોત
વિજ્ઞાન નિપજતે.

20-11-09

હાસ્ય સ્ફૂરે નાભિ સ્ફૂરે
આનંદ આવે ફિર.
ઉલ્લાસ સ્ફૂરે પ્રસન્ન વદનો
વિહરે જ્યમ જાણે સંસાર

અપૂર્વ દિસે જ્યારે કાયમ
સાનોદય ભાગ્ય સ્ફૂરવે
સ્થિતિ રહે પણ ભાવ સ્ફૂરે
તો પરિણતિ પળમાં પલટે
રત્ન હીરા મણ મહામૂલ
ભીણ સમ સોગાતે.

20-11-09

શ્યામ રંગ સમીપે હું જઉં
પડઘમ મુક્તિ નાં વાગે
ઘનશ્યામ સુંદર ચૈતન્ય રૂપ
સાદ પાડીને સાંભળે
ઘનઘોર ધારા નાં ગર્ભમાં
પરબ્રહ્મ સદાય આવકારે
શંકા કરી સંસારે
નિશંક ભયે તવ દ્વારે.
જ્ઞાન કહે સંતયોગી સદા
મુમુક્ષ તતાર જીવવા
શાશંક સદા સંસારે
નિશંક ભયે પરમાત્મા
જ્ઞાનજ ધ્યાનજ સર્વ બહુસાધનજ
લક્ષ્ય લહે નિશંક ભયે
જાને સમ્યક શુદ્ધ આતમા.

૨૦-૧૧-૦૭

સાલોક્યતા પામે મનોહરે
સાયુજ્ય મુક્તિ હૃદયે સંભવે
આત્મવત્ સર્વ ભૂતેષુ
નમામિ સંસાર સર્વદે:

સંસાર માં પ્રવેશી ને જ
ભક્તિ મુક્તિ સંભવે
સંસાર કોઈ રોગ નહિં
સંસાર દ્વાર અગમગો.

દેવો પણ પ્રવેશવા ઉત્કટ
વિમાસણ માં ટોળે મળે
માનવ જીવન ની મહત્તા
મહાદેવ ને પણ મુંઝવે.

જ્ઞાનાંજન શલાકા વડે
મોતિયો સંસાર નિવારે
શુદ્ધ દૃષ્ટિ શુદ્ધાત્મા
સર્વત્ર સમદૃષ્ટિ કરે.

કારુણ્યમૂર્તિ ઈશ સંસારે
ક્યારેક જ ખરપર કરે
ભાવના પામ્યો જે હું
તે સર્વ પામ્યો સદા સર્વદા.

૨૦-૧૧-૦૭

રાત્રે ઊંઘે નહી તેમ દિવસે જાગે નહી
મારેલા ધક્કા ધીંગા વસમાં સાંખે નહી

ધૂંધળા ગોઠેલાં કદિ, આસ્તિક અર્જી
ભૂંસે નહી

મનોવેદના વેઠી ઘણી
હૃદય શૂળે સાલે નહી

ભાન ભૂલી ભમ્યા ભમરડા
રડારોળ અટકે નહી

હવે શું? પછી શું?
ના શીંશયો ભટકે નહી

શાંતરમમ ઉજાગર રહો
ભાગ્યવિધાતા અહં અસ્મિ
અહમેવ જવાબદાર
રરઘાડીનો વહુ રૂં સ્વામી

૨૦-૧૧-૦૭

દોષનાં કદિ ગાણાં કે દૈવ નો,
દોષ દ્રષ્ટિ માં જ હોય.
દ્રષ્ટિ ને દોષ થી હટાવી,
સહેજે નિર્દોષ હોય.

અંતરાયુ સર્વે, પર-ભાવ થી,
આવી મળે નીજ ભાવથી
નીજ ભાવ, સ્વ ભાન થકી
સ્વ-ભાન અહંકારી ન હોય.

૨૦-૧૧-૦૧

ચૈતન્ય ની પરીભાષા
સાકાર નિરાકાર માં અવતરે

શૃંગાર ભુલાવણો ના નાશમાં
અચલ યોગારૂઢ સંભવે
વિલયે સંસાર માં જ
પરમ ચૈતન્ય વિલસે

શ્વાસે શ્વાસે ઉચ્છ્વાસ
નિરંતર લહે ચૈતન્ય ખાસ
પ્રત્યેક ગ્રાસ ઈન્દ્રીયો આરોગે
હર ચૈતન્ય મૂળ ચેતન ને શોભવે
ક્રિયા પ્રત્યેક યોગીની ચાલ
મન વચન કાયામાં સંભવે
નિરિક્ષણ પરિક્ષણ સંગમતન
સંસાર રોગ છુટો પડે.

લહે અખંડ ચૈતન્ય પુંજ
તત્વમસિ ખરે તું જ ઠરે.

૨૦-૧૧-૦૨

હુતાશન ની આંચમાં
સંસાર રંગો પ્રજળી ઉઠે.

મૂંઝવે મન જ્યારે
વિશ્વાસ નો શ્વાસ જાગે.

જાગ્યા જ્યોતિઓ ની સ્મિત
અનંતગાન સદા અપરિમિત

મન ચૈતન્ય નાં મંડવે
લીન બિંદુઓ લસલસે.

૨૦-૧૧-૭૭

જાણ્યાનો ના કેફ લગારે
ન જાણ્યાનું ના દુઃખ
ના ભણવાનો ભાર લગારે
ના સંસાર ની ઝગઝોર

હાજરી માત્ર સાક્ષી નિભાવી
દુઃખ ને ન હું રોય
નિરંતર સત્યાગ્રહી સહે
હાજરી માત્ર જ્ઞાન પમરાવે

મઝધાર ને જ ભાંગી નાખી
મુક્તતા નો અહેસાસ જગાવે
વિદ્વેષી થયો સંસાર સુધારે
પ્રસન્ન વદન પુલકીત બતાવે.

રાખ અનોખો રૂવાબ
શિસ્ત, આચાર નો ના આગ્રહ લગારે
શિવ, સત્ય સહજ-સુંદર સમજાવે

મળે એવો કોક જ ક્યારે
ઝટ ઝડપ તક ફરી ક્યારે આવે

૨૯-૧૧-૦૯

ફાવે તેમ તું આક્રંદ કરે છે
તું જ તો નિરંજન ભગવાન
જળથળનભ ની ખબર રાખે છે
તું જ તો મેઘ-સંકર ભગવાન

ભૂત ભવિષ્ય વર્તમાન જાણે છે
તું જ તો સર્વાન્તર્યામી ભગવાન
ભાગ્ય ફરે દિનમાન ફરે છે,
ફરે નાં લગાર ફરી નાં વિચાર, સમાન.

મળે એવો જ્યારે પણ તને
પકડ એજ તારો ભગવાન.

૨૮-૦૫-૦૭

સ્વત્વં ત્યજેત સત્વં ભવેત

સત્વં ત્યજેત સત્યં ભવેત

સત્યં ત્યજેત શીલં પ્રાપયેત

શીલં ભવેત દર્શનમ્ પ્રાપયેત

દર્શનમ્ ભવેત જ્ઞાનમ્ સમેત

૨૧-૧૧-૦૭

આત્માનો ઘણ વાગે જ્યારે
કષાયોનાં ગ્રંથિ ભાંગે ત્યારે
જયકારે જ્ઞાન પિતાનો તારે
જ્ઞાન ઉજાગર થાય ત્યારે
આગ્રહો , નિરાગારી થયે
સંસાર ક્ષેત્ર ઓગળે ત્યારે
કેવળ સુખ-સંસાર બાપજે
ક્ષેપી સંસારના ભડભડ સળગે

કદિય ન પામે કશું કિંચિત
પ્રેમથી સંસાર વિતાવે ત્યારે
સર્વોત્તમ પ્રેમસ્વરૂપ બનીત.

૨૨-૧૧-૦૭

પરા આત્મિક અણુ નાભિ મૂળ વ્યાપિત
પરમ જનેતા બની ઊર્મિ ઉભરાવતી

પરમ ની પ્રાપ્તિ તણાં ઉપાય દર્શાવતી
પ્રાણ-ઉત્થાન, કૃપા, અણુ ઉત્થાન દીતિ

પથ, પર પરમ પરા નાદો ઉજાગતી
પરમ પરા નીપજ નાદી માતૃત્વ દર્શાવતી

મૂલાધારે થી નાસિકાગ્રે વર્ગ મંત્રો ઉપજાવતી
સહસ્ત્રારે ભેદી પરા મંત્ર ધ્યાન પૂર્ણત્વ પમાડતી

સહજાસન સૌખ્ય તણું
સહજ આસન
સહજતા જગાવતી.

૨૨-૧૧-૦૭

ભયઆર્ત ની ભીતિ ભગાવે
સાવ જ તું ભગવાન
ભવાંતર માં ભેદ મિટાવે
આમ જ તું ભગવાન
ભવભૂખ ભાંગીને જગાવે
અલખ નિરંજન ભગવાન
ભાવ ભેદ મુક્તિ પણ મુકાવે
અનંત અજ ભગવાન.
ભેરૂ ભય-આર્તનો, સદા સમજાવે
વિજ્ઞાન દાન ભગવાન.

22-11-09

ઉન્મની નું જર ભલી
અપૂર્વ દિસે ટુંકડો
તે પોકારી પ્રમાન છડી
સઘળો વિસારી વિષાદ.
ઉન્માન થયો અતિ ઘણો
સંસારે સર્વ અજાણ.
કર્મો સઘળા ભડભડ બળે
વ્યવહારે નો ખરો સામદર્શ કરે.

તાપસ ભલો તું શાંતરતપે
બાહર કોઈને લગારે ન જડે
તપસ્યા નું અનેકય વિજ્ઞાન
પુછ્યા વિના ડાહપણ ન હોયે
ભલેને સંસારે મુરખ કહે.

૩-૧૨-૦૭

ભગાવી ને ચિંતા ના વિચારો
નિષ્ફળતા ની કુટેવો સહિત
ધરું હું વિચાર આત્મા તણો
રહું મગન સદા આત્મા સહિત

કેન્દ્રીત કરું મન કિરણો ને
પ્રભુ દયાનો સદા મમ હૃદયે
ભવ્ય એહ સાક્ષાત્કાર તણું
પામું થઈ જીવન સાર્થક ઘણું.

૯-૧૨-૦૭

પાંચ માં પુછાણું મનુ
હવે એવું થાવા દેશો.
મુઠીઉંચેરો માનવ બનુ
એવું હવે થાવા દેશો. —
બેપગાં માનવ ટોળામાં
માણસ પડે થાવા દેશો
અનંત વિચાર તરંગો માંથી
એકજ વિચાર થાવા દેશો —
આગતમ ઉમેર ભારે
તારો ચિંદ્યો ઓંસરો જાશે
ડબાણી ડહાપણ નો ફાયદ
ના કદિ થશર વારે —.
તાલ એકજ નું ચિંતન
જલ્દી ઉપરામ લાવે
પરબ્રહ્મ સદા સાર્વત્રિક
જીવન એનું સરળ બનાવે —

25-12-09

પગમાં પારોહનાં

જીવન માં હવે ન સંભવે
સાંભળી સજનનો સાદ
પીછેહઠ ન સંભવે...
સંતોષમાં સર્વભય વાળી
શુરતા જ ઝળહળે
દર્શન શુદ્ધિ થતાં વેંત જ
માર્ગ મારો ઝગમગે...
કાબુ સર્વેજ સર્વે સાગરો
મસ્તક નાથી આગારે
નિર્ણય જ મને પોકારી
મને માર્ગે જ સોહાવે...

મજા મુસાફરી તણી
જય સાધના નો ગુંજવે
સાવજ બોલી સાંભળતા
ભાન-સંસાર ભુલાવે

૨૮-૧૨-૦૭

આતો આભે જ ભળી ગયું
સઘળું મૂળમાં જ મળી ગયું

જ્યાંથી જાગ્યું ત્યાં જ સર્વે શમી ગયું
જે કાંઈ ઢંકાયું હતું તે સઘળું ઉઘડી ગયું

જ્ઞાનોદય થતાંવેત જીવન પાંગરી ગયું
મુરઝાયેલું સર્વે સત્વ રોમેરોમ ઠરી ગયું

સંતાયેલું હાસ્ય હૃદયે રમ્યા સરે જ સાંપડી ગયું
ગૂંચવાયેલું હતું તે સર્વે સરાસર ઉકલી ગયું

નિજ ભય અને ભાનનાં સ્તરો સરકી ગયું

૨૫-૧૨-૦૭

અંતરંગમાં કારુણ્યતાને
પખાળી ને દ્રષ્ટિ ભીંજવાઈ ગઈ
જોઈને સંસાર ની રીત
આંખો અત્યંત શરમાઈ ગઈ

મન ખેતરમાં જો ફૂટ્યું
કેમ ના દુઃખોના ઔષધો નો પાક લણું
ઇંદ્રિયાઓ જોરથી ધબકીને
શાખ પુરી રહ્યા એમજ હાલ.

ટાઢબોળાવી સાધુઓએ દેખેલાં
દુઃખોની પાનખરથી અશ્રુબિંદુઓ ભીના ખર્યા.
હૃદય નાં સ્પંદનો માણીને
લોચનીયા હર્ષાશ્રુ થી છલકાઈ ગયાં.

૨૮-૧૨-૦૭

સ્મૃતિઓનું સંયોગી પાનું
ખોલતાં મનમાં થાય છે.
જાગૃત ઊર્જાનો ક્યાર પછી
ક્યાંક - ક્યુરો ગાજે છે.
શાવરાયેલા ઊર્જાનો વચ્ચે
ઘટનાક્રમ માં થાય છે.

ઘટના ઘટતાં જ માનવી
બેડોળ વધુ થાય છે.
સાધક ઊર્જા જ એવી
જેથી સમભાનતા જરૂ થાય છે.
ભૂલચૂક થી દૃષ્ટિ ટરે
ભાવબાજ લવાય છે.
પળમાં પ્રચંડ ગતિએ
કૈંક જન્મો બંધાય છે.

દેડકો રૂઆબજ અહંકારે
વધુ પડતો ફૂલાય છે.
ભાવબાજ કર્મો તણાં
જન્મ મરણ જનિત થાય છે.

ભાવ ટરે સર્વ ટરે અટૂર કાનૂન
કુદરત સરાય થાય છે.
સર્વ-મંગલ ભાવે આત્મા,
પરમાત્મામાં સમાય છે.

૨૮-૧૨-૦૭

નાવ ફરશો કોઈ શાંતે ભગતડાં,
હરિ તમારો તાગ સંભાળે છે.
ભાગ્યા પયગંબરો પયગામ
હરિ તમને ધ્યાવે છે.

નાવ રડશો મુઝા પરેમ
હરિ ચિંતા હરવા સાજે છે
જાતે જ આથડી મર્યા છો સર્વે,
હરિ એનુંય મારગ લાવે છે.

ડગમગતાં ડગલાં અવિશ્વાસે,
હરિ ભરોસો લાવે છે.
મેર મુંઝા, ન ગુંચવા સંસારે,
હરિ ઉકેલ લવે સાવ છે.

૨૮-૧૨-૦૭

જાગીને જોયું ત્યારે સંસાર સવાયો જણાય
ક્ષણ પળ પરબ્રહ્મ: ચિંતન પુલકિત હૃદય થાય

લક્ષ્ય અલખ અનમરસ રૈયે સહેજે થાય
ના દ્વેષ રાગ પ્રત્યે ના રાગ દ્વેષમાં, એમ અસરજ થાય
વિતરાગ-ભાવે સબમાં સારૂ સ્વભાવે જણાય
સંસારમાંય સબ સલામત, અધ્યાત્મ ઉંચું જાય

પરખ એજ ખરી એની બાકી ફાંસા જ જાય
ભમવું ન કદી દરબદરીથી જીવ સુંવાળો હોય

પામવું પરમતત્વને સહુથી સહેલું જ હોય
પરમ માર્ગમાં ક્યારેય પળોજણા ન હોય

પરમ છે પિતા આપણા નિજ ઘર આપણું જ હોય

ગૃહ પ્રવેશ પરમ પિતાને ત્યાં, નિ:સંશય જ હોય
નિશ્ચય થતાં જ મુસાફરી સાચુ, બેધડક જ હોય.

૨૫-૧૨-૦૯

સ્વયંપાકી પ્રત્યેકજીવ
પકવાન સહુ સેઈ જાયરે
અન્યનું સાંભળવાની આદત
રાંધ્યા ધર્મ રઝળાય રે
પારકું પામવાની આદત
ભર્યું જીવન ઉજાડે રે
પડાવીને ભોગવવાની સ્પૃહા
દુર્ગતિ ભરું દોરે રે
હિસાબ કર્મોનો પાકે
રોતી સુરત આવે રે
મલાજો મોતનો રાખી
માફકસર મોજ માણો જેર
ઈન્દ્રીયોની આગને
સંયમ થી શમાવો રે
શમન અગ્નિ વાસનાના પ્રણ
શાંતિ ભાવ સજી ગૌરવ
શાંત થયે પરાક્રમ રીતવે
પહોંચે પરાક્રમ માં જ
સંગાથ પરાક્રમ સુરનો
અગ્રેસર એનો જ થાય
સંસાર વિષય સર્વ સુખસાથે
શાંતિ સ્વરૂપ પામ રહે છે.

૨૧-૦૨-૦૭

મોત કોઈ મંઝીલ નથી
માત્ર અલ્પ વિરામ –
દેહ પાંચ તત્વો નો મુકી
ભળે તત્વો માં વિશ્રામ – ૧

વિશ્રામગૃહ પરમધામ નથી
પરમધામ કશું નજીક નથી
જો મુસાફર મુક્તિ નો હોય
તો મેદસ્તી કદિ ન હોય ---(૨)

બાળ જેવુ પરમ પિતા તારું
અખિલ બ્રહ્માંડ નો જીવે ગાયું
માયા ના નખરા માં હું ન હોય
હું સાવચેત સંભાળતો સદાય ...(૩)

મૂળ સ્વરૂપમાં મુકામ મારો
મહાલું નિરંતર મૂળ માંજ ન્યારો...

૩૭-જાનવી

૨૫/૧૨/૦૭

હૃદય ભેદી પ્રાર્થના પહોંચી પ્રભુજી શું મજાલ
કે તે ન સાંભળે ?

જેમ ધરતી ફાડીને બીજાંકુરે
તેમ અજ્ઞાન ફાડીને પરમ પિતા પ્રગટે.

શિવ જટા પર જેમ ગંગા અવતરે
સહસ્ત્રારે પરમ પ્રકાશ પુંજ-ધોધ વહે
જલધોધ વારિ જેમ વમળો સર્જે
પરમ પ્રકાશ તેમ ચક્રશૃંખલા સર્જે.

ઘૂઘવતો સિંધુ જેમ જલ મોજાં,
પરમ પ્રકાશ તેમ પ્રચંડ ગતિ વહે.
જલ શિખરો જેમ જલધારા થી પડે (ભીંજા)
પરમ પ્રકાશ બિંદુઓ સર્વ શરીર પાવન કરે.

૩૧/૧૨/૨૦૦૭ ની રાત્રે ૧૨=૩૦ વાગ્યે તા- ૧-૨૦૦૮

શરિર-મન પાવન પતિત ઉઠાવન
પરમ પ્રકાશ શુધ્ધ પ્રેમ મન-ભાવન

સંસાર સ્થુલ-સુક્ષ્મ આવન જાવન
બંધ કરાવન જબ કારણપુંજ જાસે
મુક્તિ દિલાવન, ભોગી કારણ પાસ દિસે
જબ પરમ અવતરણ મે દિલ સ્થિર ભયે

મુક્ત ગુલામી જીવન પાવે
ત્રિલોક જબ અમર ભયે
સંસાર સુધારે, સંગ સમાવે
જબ પરમ ધ્યાન લગાવે
મત ચૂક યે પલ આયે અભી,
પતા નહિ ફિર ન આવે.

૧-૧-૦૮

મેરા મન જીતા કે મૈને પાયા પરમ પ્યાર રે
મુઝે અબ નહી કોઈ નિરાશા, ઈસ સંસાર મે.

પાયા જો મૈને પ્યાર બાપકા બ્રહ્માંડ કે
હુઈ પ્રતિ હર ક્ષણ મેં જબ સાન પ્રગટા

માસુમ હર એક સંસારમેં રહીને કિસીસે દુરીયાર
જીવન એક હસીન યાત્રા મુઝમેં અબ તો સામર્થ્ય આયા
ઈશ્વરો ને ઝુકકે માર્ગ દિયા
જબ દિલ આયા પરમ મેં
સબ સલામત કા માહોલ ભયા,
જબ દિલને દિવ્ય સંદેશા દિયા
જગમગા સબ કો આત્માસે
સંસાર પૂરા ઉજીયારા.

સચ દુનિયા કો જુકાને કી ખ્વાહિશ।
તેરી મજાલ ક્યા તુ અપને કો ખત્મ કર
મેરે ગિરેબાન મેં ઝાંક કે તુ દેખ
પરમ સત્ય પાને કે અલાવા વહાં કુછ નહીં
સંસાર સારા માયા મેં ડરા માયા મેં ફસા
હુઆ મુઝે જ્ઞાન, મૈં માયા મે માયાતીત હુઆ
ભાવસ્પંદન કે અંતર મેં
મે ભાવાતીત હુઆ
પર દુઆ મેરી કુબુલ
ઉસને ભી કી શુક્રગુઝાર હૂં
મેરી દુઆ હૈ
સબ સુખી, નિરોગી શાંત બનો.

૨-૧-૦૯

શાંતમ્ પાવન્ શાંતમ્ માનવ રહો સદા
શાંતમ્ સ્પંદનમ્, શાંતમ્ સાધક રહો સદા
સ્થિરમ્, સુસ્થિર સરલ મન ચૈતન્ય સદા
નિરીક્ષણમ્ ભાવકમ્ ચૈતન્ય જાગ્રત સદા

પરીક્ષણ સ્પંદનમ્ મન ચૈતન્ય ઢંઢોળાયે સદા
ડખલ મન ચૈતન્ય રાગદ્વેષ ઉત્પાદિત સદા
ઇતિ પ્રાણ ચૈતન્ય દૂષિત રોગ ઉપજાવત સદા
દૂષિત પ્રાણ ચૈતન્ય ભૌતિક દેહ ભક્ષે રાક્ષસ સમ સદા

સર્વ વ્યાધિ નિવારણે મૂળ સ્વરૂપ ધ્યાયેત સદા
સ્વ સ્વરૂપ ધ્યાન સર્વ વિક્ષેપ નિવર્તિત સદા.

૨-૯-૦૫

સંસાર સારા એક ચમન,
કઈ આત્મા કે ફુલ ખીલે
હર કોઈ યહાં નાટક કા હીસ્સા,
સબ ચરિત્ર ચરિતાર્થ કરે.
ન કોઈ સાધુ ન કોઈ અસુર,
મૂલ મેં હર એક આત્મા હૈ
પાવન સબ કી આત્મા હરપલ
વંદનીય હર રામ મેં
હર કો ખુશીયાં કબૂલ રહે
દુસરે કા ચરિત્ર સ્વીકાર કરે.
સ્વધર્મ સ્થિર કરી ચારિત્ર્ય,
ક્યોં કર્મ ઉલઝાકે બેહાલ હુએ.
ચિત્ત કી ચંચલતા કારણ,
અન્ય મેં જો ક્ષમા કરે.
પૈદા કરે એસા મુસીબત,
રોની સુરત બના ઉદાસ કરે.
ખુદ મેં હર મુસીબત કીજે,
દુનીયાં મેં બહાભાવ રહે.
જ્ઞાન પ્રગટે તબહી
ખુદ કો ખુદ કા ખુદા પાયે
સબ ભવર મેં શાંતિ લહે,
દુસરોં કો આબાદ કરે

૩-૧-૦૮

માનને સે ખુદ કો સંસાર કા મહેમાન,
આકર્ષણ ન કરે વિચલિત કભી કિંચિત
સ્વાગત ઉસકા જહાન મેં કુદરત હૈ મેજબાન
કભી હીન ફરીયાદ ઉસે, હર પલ કા સ્વિકાર
બદલને કી સંસાર કો ન ચાહ ઉસે. ગવાર
સંયોગોં કી, સરગમોં સે, વો કભી નહીં નિઠામ
ખુદ મેં હી ખેલા કરે સારા જહાં ઉસકા જૈસે મેદાન
પ્રકૃતિ કા પરકૃતિ દેખે, ગાને ખુદ કો ઉસકા દ્રષ્ટા
પલ પલ જોડ સમાધિ ઉપજે, નિશ્ચય ખુબ કઠોર
સંયમ પરિણામે સમાધિ, ઉપાધિ સર્વ ભસ્માય સ્વાહા
આત્મયજ્ઞે સંસાર સમિધા હોએ યહી આત્મ સ્થિત
પૂર્ણજ્ઞાન સોજી સ્વાનુભૂતિ અનુભવ પ્રમાણ નિશ્ચિત

૧૦-૧-૦૮

હવે તો આડવાત મૂક પારે ચઢવાનો છે
ભિખ્ખકમાં બધા ભૂતો ભગવાન થવાના છે
જે નરતું થવાનું તે બધું પણ થવાનું છે
મેલ કોઈ, કોનું શું કેમ? નહિ તો છોલ તારો નિકળવાનો છે
નિકળવાનો છે.

જેનો નથી સંબંધ સૂતક કે સ્નાનતણો
વિયોગ નિશ્ચિત છે
મેલ પોક આસક્તિની
અહંકાર મન વિધુર થયો છે.
સંસાર સઘળો સંગાતી સગાઈ
હૈયે ધારી કે મરવાનો થયો છે.
એત મરણહાર જીવ, છો જ છોડ,
ભાવમરણથી છેટે જ રહ્યો છે.
સ્વભાન જગાવી, જગત વીસરી,
ભવસાગર પાર થવાના છે.
ન તરછોડ, રજકણને,
મરતામાં જાગીને તે ભગવાન
થવાના છે.

૧૨/૧/૦૮

આત્મા કહો કે પરમાત્મા
બન્ને સમાન હુવી
ઘન ભાર એમાં ચૈતન્ય તણો॥
ન્યુણભારે ભક્તિ બને
સ્વ ધ્યાને ઘન ભાર ચાર્જમાં
ન્યુણ ભારમાં દ્વૈત નીખરે
ઘન ભારે અદ્વૈતમ્ અનુભવ્યું
ચૈતન્ય ધારાનું વહેણ
બદલે વિધાતાનું પણ કહેણ
એક અખંડ ચૈતન્ય રૂપ નીજ સ્વરૂપ
પામું અદ્વિતીય વિજ્ઞાન જ્ઞાનાધાર
સ્થાન કાળ ફેરી મર્યાદા
તોડીને પ્રગટ અનંત.

૩૧-૦૧-૨૦૦૮

નિસ્પંદ પમપમ અનંતાનંત
કિરણ પ્રકાશ નિજ-ભાન સ્વયં
અનિષ્ટ-ઈષ્ટ એકાકાર ચૈતન્ય
સ્વયં નિર્ભય અનંત સુક્ષ્મતમ

ના અવરોધ ના નિરોધ નિરંતર
નિજભાવ પ્રચંડ નિરંતર ભાવે
ભાવ ભાવક ભાજ્ય સહજ
અવિનાશી અનંત જય સચ્ચિદાનંદ.

25/2/2005

હું પરમ ચૈતન્ય છું
હું પરમ શુધ્ધ છું
હું પરમ પવિત્ર છું
હું પરમ નિર્મળ છું
હું પરમ પ્રકાશ છું
હું પરમ દિવ્યજ્યોતિસ્વરૂપ છું
હું જ્યોતિર્બિંદુ છું
હું અવિનાશી છું
હું પરમ ઉલ્લાસ છું
હું પરમ આનંદ છું
હું પરમ નિર્દોષ છું.
હું પરમ શાંતિ છું
હું પરમ ક્ષમા છું
હું પરમ સર્વોચ્ચ છું
હું પરમ સમૃદ્ધિ છું.
હું દિવ્ય તારાનું કેન્દ્ર છું.
હું પરમ સંતોષ છું
હું પરમ દાતા છું.
આખું જગત સદાય નિર્દોષ છે.

૨૯/૨/૨૦૦૮

અય યકિન પ્રેમના જુદા મહેરબાન
જુલ્મગાર નિમિત્તે છે તારો તારણહાર
પરિણામે તારો અહંકાર - વૈભવ
ગાડે તારી મુક્તિ નો પડઘમ.

સિતમગાર કરે તારું નિરંતર રક્ષણ
ભો ખુદ ભો ભોગો નિપજે મુક્ત હાસ્ય
નાભિમસ્તૂરે સકલ જ્ઞાપદારથ ગાજાગો
સઘળું સદૈવ સુવર્ણમય નિરંતર દિસે

સૌમ્ય શુદ્ધ નિરંતર પવિત્ર આત્મા પ્રકારે
સર્વત્ર સંતજ અભિન્ન અનંત પ્રસરે.

૭-૩-૨૦૦૫

સુવર્ણ શુભ શાલીન સમ્યક નિરંતર
સર્વત્ર પ્રસરતું એક જ અભિન્ન તત્વ
ઉદઘોષ આત્મા તણો જય સચ્ચિદાનંદ
સમગ્ર વ્યાપ્ત અહં કરણો સહવીર્યં કરવાવહૈ
જ્ઞાન પર્જન્ય વર્ષતુ સદા માનિ ઈહ સંસારે
ભવન્તુ સર્વે સુખીનઃ શતાયુ પામરે
નિરામય સન્તુ સર્વેગ
ઐશ્વર્યવાન ભવન્તુ
પરમ પ્રભાત સદા પ્રાપ્ત
ભદ્ર ભાવ ભવેત

૧/૩/૨૦૦૯

અહં પરમં ચૈતન્ય શરણ
અહં પરમં પ્રકાશ શરણ
અહં પરમં શાંતિ શરણ
અહં પરમં આરોગ્ય શરણ
અહં પરમં સૌંદર્ય શરણ
અહં પરમં પવિત્ર શરણ
અહં પરમં કારુણ્ય શરણ
અહં પરમં સ્વાત્મ દર્શનાનૂ શરણ
અહં પરમં સ્વાત્મ જ્ઞાનન શરણ
અહં પરમં સંપૂર્ણ વિજ્ઞાન શરણ
અહં પરમં જય સચ્ચિદાનંદ શરણ

તથા ભવતું.

૨૭|૨|૨૦૮